# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- SEMICONECT CONF.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ગુજરાત સેમિકનેક્ટ પરિષદ'નો પ્રારંભ થયો છે. ગુજરાતના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા યોજાઇ રહેલી આ એક દિવસીય પરિષદમાં વિવિધ વિષયો અંગે આઠ સત્રો યોજાશે.. રાજ્યની સ્થાનિક કંપનીઓને સેમીકન્ડક્ટરની વૈશ્વિક કંપનીઓ સાથે જોડવા માટે આ પરિષદ યોજાઇ રહી છે.

ઉદઘાટન સત્રને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ પરિષદ રાજ્યને સુદ્રઢ ઇકોસિસ્ટમ સાથેનું સેમિકન્ડક્ટર ઉત્પાદન કેન્દ્ર બનાવવાના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં એક મજબૂત પગલું સાબિત થશે..તેમણે વધુમાં કહ્યું કે, આ પરિષદ થકી સેમીકન્ડકટર ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ અને ગુજરાતની સ્થાનિક કંપનીઓ એક મંચ પર આવશે. જેના થકી સ્થાનિક પુરવઠા સાંકળ વધુ મજબૂત બનશે.

આજે યોજાયેલી ઉદઘાટન સત્રમાં માઇક્રોન, ટ્યુબ ઇનવેસ્ટમેન્ટ, તાઇવાનની PSMC કંપની, તાતા ઇલેક્ટ્રોનિક્સના સહિતની સેમિકન્ડકર ક્ષેત્રની ટોચની કંપનીઓના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત 20થી વધુ રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સંસ્થાઓઓનાં પ્રતિનિધિઓ આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.

# RUSHIKESH PATEL- SABARKANTHA VISIT

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ચાંદીપુરા વાઇરસના સૌથી વધુ શંકાસ્પદ કેસ ધરાવતા સાબરકાંઠા જિલ્લાની આજે મુલાકાત લીધી. તેમણે હિંમતનગર GMERS મેડિકલ કૉલેજ ખાતે વાયરલ એન્કેફેલાઇટીસની સારવાર લઈ રહેલા બાળકોની મુલાકાત લઈ તેમના ખબર અંતર પૂછ્યા. આ પ્રસંગે રાજ્ય સરકાર વાઇરલ એન્કેફેલાઇટીસ રોગને અટકાવવા કટિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું.

જે બાદ તેમણે સાબરકાંઠા જિલ્લામાં વાઇરલ એન્કેફેલાઇટીસના શંકાસ્પદ કેસોની સારવાર,વ્યવસ્થા તેમજ ઉપચારાત્મક બાબતો અંગે સમીક્ષા બેઠક કરી હતી અને રોગને અટકાવવાની દિશામાં સ્થાનિક વહીવટીતંત્રે લીધેલા પગલાંઓ વિશે માહિતી મેળવી. તેમણે અસરગ્રસ્ત ગામો સહિત જિલ્લાના તમામ ગામોમાં દવા અને સ્પ્રેના છંટકાવ કરવા સૂચન કર્યું.

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

આરોગ્ય વિભાગના અગ્રસચિવ, કમિશનર, સાબરકાંઠા જિલ્લા કલેકટર,જિલ્લા વિકાસ અધિકારી સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ અને તબીબો સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહ્યાં.

# CHANDIPURA VIRUS DIST.

રાજ્યમાં વધી રહેલા ચાંદીપુરા વાઇરસના સંક્રમણને અટકાવવા તંત્ર દ્વારા પૂરતા પગલાં લેવાઇ રહ્યા છે. જે અંતર્ગત,

મહીસાગર જિલ્લામાં ચાંદીપુરા વાઇરસના શંકાસ્પદ વધુ 2 કેસ સામે આવ્યાં છે.. લુણાવાડા તાલુકાના કોઠા તેમજ રામ બારીયાના મુવાડ ગામે ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો જોવા મળતા અસરગ્રસ્ત બાળકને વડોદરાની સરકારી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા.. જીલ્લા વિકાસ અધિકારીએ શંકાસ્પદ રોગને લઇને સામાન્ય લોકો માટે હેલ્પલાઈન નંબર 9925 785955 જાહેર કર્યો છે. આ નંબર પર ફોન કરીને તબીબી માહિતી તેમજ મદદ મેળવી શકાશે.

જ્યારે ભાવનગર જિલ્લાના સરતાનપર ગામે ચાંદીપુરાનો પ્રથમ કેસ નોંધાયો છે. સરતાનપર ગામે પાંચ વર્ષની બાળકીને ચાંદીપુરા કેસના શંકાસ્પદ લક્ષણો નોંધાતા તાત્કાલિક સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી.

મહેસાણા જિલ્લામાં પણ બે શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસ સામે આવ્યા હતા. જેમાં એક બાળકનું મૃત્યુ થયું છે. આ રોગને અટકાવવા માટે 127 જેટલા ગામડાઓમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાશે. તેમજ લીપણવાળા કાચા મકાનો અને દીવાલોની તિરાડ અને છિદ્રો માં મેલેથિયોન જંતુનાશક પાવડરનો છંટકાવ કરી ગંદકી અને પાણી ન ભરાતું હોય તો તેનો નિકાલ કરવા સૂચના આપવામાં આવી છે. શાળાના બાળકોને આ વાઇરસની સમજણ અપાશે.

પાટણ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસને પગલે તેની સામે રક્ષણ મેળવવા જનજાગૃતિ હાથ ધરવામાં આવી હતી..

વલસાડ જિલ્લામાં ચાંદીપુરા વાયરસ સંક્રમણ પૂર્વે આગોતરા પગલાંના ભાગરૂપે  લઇ જિલ્લા ઇન્ચાર્જ કલેક્ટરના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઇ.. જે અનુસાર, જીલ્લામાં 500થી વધુ સર્વેક્ષણની ટીમને અલગ અલગ વિસ્તારોમાં તબીબી સર્વે કરવા સૂચના આપવામાં આવી છે.

સુરતમાં પણ ચાંદીપુરા વાયરસને લઇ નવી સિવિલ હોસ્પિટલમાં 30 બેડ તૈયાર રખાયા છે અને 15 ડોક્ટરોની ટીમ 24 કલાક તૈનાત રખાઇ છે.

# GUJ. WEATHER

હવામાન વિભાગે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ, જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

સૌરાષ્ટ્રમાં રાજકોટ,જામનગર,પોરબંદર,જુનાગઢ, દ્વારકામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. ઉપરાંત સુરેન્દ્રનગર,અમરેલી,મોરબી,ગીરસોમનાથ,બોટાદ,કચ્છ અને દીવના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક

ભાગોમાં ભારે વરસાદને જોતા એનડીઆરએફની દસ ટીમો તૈનાત કરવામાં આવી છે.

સવારે 6 વાગ્યાથી શરૂ કરીને બપોરે 12 વાગ્યા સુધીમાં કુલ 72 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ જુનાગઢના વંથાલી અને કેશોદમાં પાંચ ઇંચથી વધારે જ્યારે પોરબંદર અને દ્વારકાના ખંભાળિયામાં ત્રણ ઇંચથી વધુ, ઉપરાંત જુનાગઢ,રાજકોટ તેમજ ગીરસોમનાથના કેટલાક જિલ્લાઓમાં બેથી અઢી ઇંચ જેટલો વરસાદ પડ્યો છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં 54.76 ટકા સુધી જળસંગ્રહ થયો છે. રાજ્યના અન્ય 206 જળાશયોમાં 35 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે.